# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૩૧ જુલાઈ, ૨૦૧૫ (શુક્રવાર)

### 1) ભારતમાં મોબાઈલ ફોનનો ઉદય :–

- ભારતમા્ મોબાઈલ ક્રાંતીને આજે બે દાયકા પુરા થઈ ગાય
- ઈ.સ. ૧૯૯૫ ની ૩૧ મી જુલાઈએ નોકિયાએ ભારતમાં પહેલો મોબાઈલ ફોન લોન્ચ કર્યો હતો
- હેંડ સેટ – નોકિયા ૨૧૧૦
- 'મોદી ટેલસ્ટ્રા મોબાઈલ નેટ સર્વિસ' એ ભારતની પ્રથમ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપની હતી.
- ભારતના મોદીગૃપ અને ઓસ્ટ્રેલિયાની ટેલિકોમ કંપની ટેલસ્ટ્રાએ સાથે મળીને આ સેવા શરૂ કરી હતી.
- કંપની કલકત્તામાં સ્થપાઈ હતી. માટે તેની શરૂઆત કરવા બંગાળાના મુખ્યમંત્રી જયોતી બસુ હાજર રહયા હતા.
- ૩૧ જુલાઈ, ૧૯૯૫ના એ દિવસે મુખ્યમંત્રી જયોતી બસુએ પહેલો ફોન કર્યો હતો.
- ભારતમાં મોબાઈલ ક્રાંતિ

  – 1995 :– નોકિયાનો પહેલો ફોન આવ્યો.

  – 1998 :– 'સારે જહાં સે અચ્છા' ભારતની પ્રથમ રીંગટોન બની

  – 2000 :– હિન્દી મેનૂ ધરાવતો પહેલો ફોન આવ્યો

  – 2002 :– કેમેરો ધરાવતો પહેલો ફોન આવ્યો.

  – 2003 :– ભારતમાં જ બનેલો ફોન નોકિયાએ માર્કેટમાં મુકયો.

  – 2004 :– હિન્દી એસએમએસ સેવા અને પ્રથમ વાઈફાઈ સજજ ફોન આવ્યો

  – 2008 :– થ્રીજી નેટવર્કની શરૂઆત થઈ

### 2) મુલ્લા ઓમર :–

- તાલીબાનના વડા મુલ્લા ઓમરનું અવસાન.
- હવે, અફઘાની તાલિબાનોના ટોચના નેતા મુલ્લા અખ્તર મત્સુરને તાલિબાનોના વડા બનાવવામાં આવ્યા અને સિરાજુદીન હક્કાની નાયબ વડા તરીકે નિમાયા છે.

### 3) 'કોમેન' :–

- બાંગ્લાદેશના ચટગાંવ સમુદ્રકિનારે ચક્રવાતી વાવાઝોડું 'કોમેન' આવ્યું.
- 'કોમેન' ના કારણે પ. બંગાળ અને ઓડિશામા પણ ભારે વરસાદ થયો અને લોકો પુરથી અસરગ્રસ્ત થયા.

### 4) ડેલ સ્ટેઈનની ટેસ્ટમાં ૪૦૦ વિકેટ :–

- સાઉથ આફ્રિકન ક્રિકેટ ટીમના ઝડપી બોલર ડેલ સ્ટેઈને ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ ઝડપવાની સિધ્ધી હાંસલ કરી.
- વિશ્વનો ૧૩ મો તથા શોન પોલોક બાદ ૪૦૦ વિકેટ ઝડપનારો સા. આફ્રિકાનો બીનો બોલર બન્યો.
- આ સિધ્ધી તેણે મીરપુર ખાતે બાંગ્લાદેશ સામેની ટેસ્ટમાં પોતાની ૮૦ મી ટેસ્ટ રમતા નોંધાવી.

### 5) મીસેલ જહોન્સનની ટેસ્ટમાં ૩૦૦ વિકેટ :–

- ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર મિસેલ જહોન્સને પોતાની ૬૯ મી ટેસ્ટ મેચમાં ૩૦૦ મી વિકેટ ઝડપી હતી.
- આ સાથે જહોન્સન ૩૦૦ વિકેટ ઝડપનારો ઓસ્ટ્રેલિયાનો પાંચમો અને વિશ્વનો ૨૮ મો બોલર બન્યો.
- આ સિધ્ધી તેણે ત્રીજી એસિઝ ક્રિકેટ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ વિરૂધ્ધ રમતાં નોધાવી હતી.

### 6) મંગલસિંહ ચાંપિયા :–

- ભારતીય તીરંદાજ મંગલસિંહ ચાંપિયાએ વ્યકિતગત રિકર્વ સ્પર્ધામાં સ્પેનના એન્ટોનિયા ફર્નાન્ડિસને હરાવી રિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કર્યુ.

Vivekanand Academy, Gandhinagar